सत्यमेव जयते

# અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, જૂનાગઢ.

દાખલ તારીખ : ૧૧/૦૮/૨૦૨૫
રજુ. તારીખ : ૧૧/૦૮/૨૦૨૫
ફેસલ તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સમય ગાળો : વ. મા. દિ.
૦૦ – ૦૭ – ૦૩

**ફોજદારી કેસ નંબર : ૩૯૦૬/૨૦૨૫.**

આંક :–____

ફરિયાદી :– **શ્રી સરકાર**

વિરૂધ્ધ

આરોપી :– **રાહુલ પ્રવિણભાઈ લાભુભાઈ મકવાણા,**
રહે. ગોંડલ, વોરા કોટડા રોડ,
જિ. રાજકોટ.

**આરોપ :– ભારતીય ન્યાય સંહિતા કલમ–૩૦૩(૨) મુજબ.**

**–: આંક–૧ લગત હુકમ :–**

**(૧)** ફરિયાદીને સાંભળ્યા, પુરસીસ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કામે ફરિયાદીને નોટિસ કાઢતા આ કામના ફરિયાદી અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેલ છે. આ કામના ફરિયાદી તરફથી આરોપી વિરૂધ્ધનો ગુનો કમ્પાઉન્ડ કરવાની પુરસીસ આપી જાહેર કરેલ છે કે, તેઓને ફરિયાદમાં જણાવેલ મુદામાલ મળી ગયેલ હોય જેથી આ કેસ માંડવાળથી સદર કેસ આગળ ચલાવવો નથી. સદર પુરસીસ વાંચી, સંભળાવી, સમજાવતા ફરિયાદીએ સ્વૈચ્છાએ કબૂલ મંજુર રાખેલ છે.

**(૨)** ઉપરોકત હકીકતે આ કોર્ટે એ નિર્ણય કરવાનો છે કે,

આરોપીને કેસનો સમન્સ બજયો ન હોય તેમજ આરોપી કોર્ટ સમક્ષ હાજર થયો ન હોય અને રજુ થયેલ પુરસીસમાં તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપી વિરૂધ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ ? આ કોર્ટના ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

૧. વાય. બી. બૈજુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા, ૨૦૦૮ ક્રિ.લો.જ. પાના–૯૨૮

૨. યેશુદાસ અને બીજા વિરૂધ્ધ સબ ઈન્સ્પેકટર ઓફ પોલીસ કલ્લાસમેસરી અને બીજા, ક્રિ.લો.જ. પાના–૧૨૯૦.

(૩) સદર ઓથોરીટીમાં નામદાર કેરાલા હાઈકોર્ટે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(એ) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦ માં કરેલ કોમ્પીઝીશનની જોગવાઈ એક પક્ષીય ક્રિયા છે અને તે ધ્વિપક્ષીય ક્રિયા નથી.

(બી) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કોમ્પીઝીશનના નામે અરજી સદર કલમના કોલમ નં.૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિતમાં તેની સહીથી થઈ શકે.

(સી) કોમ્પીઝીશનની અરજી ફરિયાદી તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહીં.

(ડી) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦ મુજબની કોમ્પીઝીશનની જોગવાઈઓ ધ્યાને લેતા કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહીં.

(ઈ) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટ ગુનાનું સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

(૪) આમ, ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લીધા. સદર સિધ્ધાંત મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૯ જે જુના કાયદા મુજબ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૨૦ ની જોગવાઈ હતી તેમાં કોઈ ફેરફાર થયેલ ન હોય જેથી ઉપરોકત ચૂકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો લાગુ પાડી શકાય તેમ છે. વધુમાં સદર ગુનો કમ્પાઉન્ડ (દરગુજર/માફ) કરવા માટે માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજીયાત નથી.

તેથી હાલની પુરસીસ સ્વીકારવાને પાત્ર છે. તેમજ ફરિયાદની હકીકત ધ્યાને લેતા જો પુરસીસ ગ્રાહ્ય રાખી કેસ ફેંસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના કોઈ હિતને નુકશાન થતું હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહ્ય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરિણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતું નથી અને ફરિયાદીએ સ્વૈચ્છીક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ છે તેથી આરોપી હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહિન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાણાં વેડફવા બરાબર જશે. આમ, ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ હાલની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

(૧) આ કામના આરોપી **રાહુલ સ/ઓ. પ્રવિણભાઈ લાભુભાઈ મકવાણા,** રહે. ગોંડલ વાળાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૯(૧)(૮) અન્વયે ભારતીય ન્યાય સંહિતા ની કલમ-૩૦૩(૨) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેના તહોમતમાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આંક-૨ ની મુદામાલ પાવતીની વિગતે કબજે લેવાયેલ મુદામાલ મોબાઈલ અંગે અગાઉ કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને તેમાંની શરતો આથી રદ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **<u>૧૪મી</u>,** માહે **<u>માર્ચ</u>,** સને **<u>૨૦૨૬</u>** ના રોજ સહી કરી રાષ્ટ્રીય લોક અદાલતમાં જાહેર કર્યો.

મુકામ : જૂનાગઢ
તારીખ: ૧૪/૦૩/૨૦૨૬

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. **(GJ-00862)**